કર્ણાટકના નવા મુખ્યમંત્રી શેટ્ટાર

નવીદિલ્હી, તા. ૭

બીએસ યેદિયુરપ્પાનાં દબાણ સમક્ષ ઝૂકી જઈને ભાજપે આજે સદાનંદ ગૌડાની જગ્યાએ કર્ણાટકનાં મુખ્યમંત્રી તરીકે જગદીશ સેત્તારની નિમણૂંક કરવાનો નિર્ણય કર્યો છે. ચાર વર્ષનાં ગાળામાં રાજયમાં ત્રીજીવખત નેતૃત્વ પરિવર્તન કરવામાં આવ્યું છે. જગદીશ સેત્તાર હવે કર્ણાટકનાં મુખ્યમંત્રી બનવા જઈ રહ્યાં છે. બીજીબાજુ મુખ્યમંત્રી સદાનંદ ગૌડાએ કહ્યું છે કે, પાર્ટી હાઈકમાન્ડનાં નિર્ણયને તેઓ સ્વીકારશે. હાઈકમાન્ડ જે કંઈપણ આદેશ આપશે તે આદેશને તેઓ સ્વીકારશે. મળેલી માહિતી મુજબ ભાજપ કોરગ્રુપની મિટિંગમાં સદાનંદ ગૌડાની જગ્યાએ જગદીશ સેત્તારને મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે સત્તાવાર જાહેરાત મોડેસુધી કરવામાં આવી નથી પરંતુ આંતરિક સૂત્રોએ આ મુજબની માહિતી આપી છે. કોરગ્રુપની મિટિંગ બાદ ભાજપનાં

પ્રવક્તા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, ગૌડા દિલ્હી પહોંચી ગયા છે, તેઓ ભાજપ પ્રમુખ નિતીન ગડકરી અને અડવાણી સાથે મિટિંગ યોજી રહ્યાં છે. મિટિંગ બાદ નિર્ણયની સત્તાવાર જાહેરાત કરાશે. પ્રસાદે કહ્યું હતું કે, ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં યેદિયુરપ્પા પાસેથી ગૌડાએ મુખ્યમંત્રી પદ મેળવ્યા બાદથી કર્ણાટકમાં કટોકટી ચાલી રહી હતી, તેમની સામે ભ્રષ્ટાચારનાં આક્ષેપોનાં અનુસંધાનમાં ગયા વર્ષે મુખ્યમંત્રી તરીકે યેદીયુરપ્પાની હકાલપટ્ટી કરવામાં આવી હતી. છેલ્લાં થોડાંક સમયથી ગૌડા ઉપર દબાણ વધી રહ્યું હતું. કર્ણાટકમાં કટોકટી ચાલી રહી હતી. યેદીયુરપ્પા જૂથ ગૌડાની હકાલપટ્ટી કરીને તેમની જગ્યાએ તેમનાં પસંદગીના સેત્તારને મુખ્યમંત્રી બનાવવા દબાણ લાવી રહ્યા હતાં. ગૌડાએ પણ યેદીયુરપ્પા સામે આક્રમક વલણ અપનાવ્યું હતું અને ઉતાવળમાં કોઈ નિર્ણય ન કરવા પાર્ટી હાઈકમાન્ડને કહ્યું હતું. છેલ્લાં અગિયાર મહિનામાં ભ્રષ્ટાચાર મુક્ત શાસન ચલાવ્યું હોવાનો દાવો ગૌડાએ કર્યો છે. ગૌડાએ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળ્યા બાદથી કર્ણાટકમાં ભારે અંધાધૂંધી ચાલી રહી હતી. ચાર વર્ષનાં ગાળામાં રાજ્યમાં ત્રણ વખત નેતૃત્વ પરિવર્તન કરવામાં આવ્યું છે.

કર્ણાટકમાં ૧૯૮૯ થી ૯૪માં રાજકીય અંધાધૂંધી રહી છે. ૧૯૮૯માં રાજયમાં કોંગ્રેસ જંગી બહુમતી સાથે સત્તામાં આવી હતી. ૧૯૯૪માં વિધાનસભા ચૂંટણીમાં જનતાદળે કોંગ્રેસને હાર આપી હતી. સેત્તાર કર્ણાટકનાં ગ્રામીણ વિકાસ પ્રધાન છે. સેત્તાર યેદીયુરપ્પાની પસંદ છે. લિંગાયત સમુદાય સાથે સંકળાયેલા જગદીશ સેત્તારને શક્તિશાળી લીડર તરીકે ગણવામાં આવે છે. રાજ્યમાં નાયબ મુખ્યમંત્રી પદની શરૂઆત કરવામાં આવે તેમપણ માનવામાં આવે છે, આનાં માટે રાજ્યનાં પ્રધાન આર અશોક અને કર્ણાટક ભાજપનાં પ્રમુખ એસ.ઈશ્વરપ્પાનાં નામની પણ ચર્ચા છે. દરમિયાન ગૌડાએ કહ્યું છે કે, કર્ણાટકમાં ઉભી થયેલી કટોકટી અંગે વાત કરવાનાં હેતુસર તેઓ પહોંચ્યચા છે. કેન્દ્રીય નેતાગીરીને તમામ બાબતથી વાકેફ કરાવશે. જોકે તેમની કોઈપણ પ્રકારની નારાજગી દેખાય રહી નથી. ગૌડાએ કહ્યું છે કે, હાઈકમાન્ડનાં આદેશ ઉપર તેઓ આગળ વધશે.

માયાવતી સામે ભ્રષ્ટાચારનાં કેસોમાં તપાસ હજુ પણ જારી

લખનૌ, તા. ૭

બહુજન સમાજપાર્ટીનાં નેતા અને ઉત્તર પ્રદેશનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીને સુપ્રિમ કોર્ટ પાસેથી અપ્રમાણસર સંપત્તિ કેસમાં રાહત મળી ગઈ છે પરંતુ ભ્રષ્ટાચારનાં કેસો માયાવતીને આગામી દિવસોમાં પણ મુશ્કેલીમાં મૂકે તેવી સંભાવના છે. વર્ષ ૨૦૦૩માં ભારે રાજકીય ગરમી જગાવનાર તાજ હેરિટેજ કોરીડોર કૌભાંડ અલાહાબાદ હાઈકોર્ટમાં હજુપણ પેન્ડિંગ છે. આ ઉપરાંત તેમનું નામ તેમનાં શાસન દરમિયાન રાજયમાં દલિત મેમોરીયલની રચનામાં ખામીઓમાં પણ આવી ચૂક્યું છે. આ ઉપરાંત દલિત સ્મારકોનાં નિર્માણમાં વ્યાપક ગેરરીતિ સપાટી પર આવતાં માયાવતી સામે સર્કજો વધુ મજબૂત બનાવાયો હતો. આ બે કેસ ઉપરાંત નેશનલ રૂરલ હેલ્થ મિશનમાં પણ તેમનું નામ આવી ચૂક્યું છે. રસપ્રદ બાબત એ છે કે અપ્રમાણસર સંપત્તિ કેસ તાજ હેરિટેજ કોરિડોર તપાસ કેસમાં સપાટી પર આવ્યો હતો. જોકે ડીએ કેસ રદ્દ કરવામાં આવી ચૂક્યો છે. હવે તાજ હેરિટેજ કોરિડોર

કૌભાંડની સુનાવણી ૧૦ જુલાઈનાં દિવસે જસ્ટીસ ઈન્તિયાઝ મુર્તઝા અને એસ.સી.ચૌરાસિયાની બેંચ સમક્ષ રજૂ કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૦૨માં સુપ્રિમ કોર્ટે એક અરજી પર તાજ હેરીટેજ કોરિડોર કેસમાં તપાસ કરવા સીબીઆઈને આદેશ કર્યો હતો. માયાવતી પર ૧૭ કરોડ રૂપિયાની ગેરરીતિનો આક્ષેપ કરાયો હતો. તાજમહેલની નજીક ટુરિસ્ટ સ્થળો વિકસિત કરવા આ રકમ લેવામાં આવી હતી. ત્યારબાદ આ પ્રોજેક્ટ પર્યાવરણનાં કારણોસર રદ્દ કરવામાં આવ્યો હતો. ૨૦૦૩માં તાજ કેસમાં તપાસ કરતી વેળા સીબીઆઈએ માયાવતી સામે ડીએ કેસ દાખલ કર્યો હતો. અંગત લાભ માટે મુખ્યમંત્રી તરીકે તેમની સત્તાનો દુરુપયોગ કરવાનો માયાવતી ઉપર આક્ષેપ મૂકવામાં આવ્યો હતો. સીબીઆઈએ ૨૦૦૭માં ખાસ સીબીઆઈ કોર્ટમાં આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧ હેઠળ માયાવતી અને અન્ય ઘણાં લોકો ચાર્જશીટ દાખલ કરી હતી. વર્ષ ૨૦૦૩માં માયાવતીનાં નજીકનાં અધિકારી પીએલ પુણિયાનું નામ પણ સીબીઆઈ દ્વારા આપવામાં આવ્યું હતું. સીબીઆઈ ડીએ કેસમાં પણ તપાસ કરી રહી છે. આ ઉપરાંત સીબીઆઈ રાજયને હચમચાવી મૂકનાર ૫૦૦૦ કરોડ રૂપિયાનાં નેશનલ રૂરલ હેલ્થ મિશનમાં પણ તપાસ કરી રહી છે. બીજીબાજુ અન્ય ઘણાં મામલા પણ માયાવતી સામે ચાલી રહ્યા છે.

ખેલરત્ન માટે રાહુલ દ્રવિડના નામની ભલામણ માટે નિર્ણય

મુંબઈ, તા.૭

ધ વોલ તરીકે ક્રિકેટમાં જાણીતા અને થોડાક સમય પહેલા જ આતંરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થયેલા રાહુલ દ્રવિડનું નામ રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ માટે મોકલવા ક્રિકેટ બોર્ડે નિર્ણય કર્યો છે. સાથે સાથે ભારતને વિશ્વકપ જીતાડવામાં ચાવીરૂપ ભુમિકા ભજવનાર યુવરાજસિંહને અર્જુન એવોર્ડ આપવા માટે ભલામણ કરવાનું પણ ક્રિકેટ બોર્ડે નિર્ણય કર્યો છે. બીસીસીઆઈના સીએઓ પ્રો. રત્નાકર શેટ્ટીએ આજે મુંબઈમાં કહ્યું હતું કે આગામી સપ્તાહમાં સરકાર સમક્ષ ખેલરત્ન એવોર્ડ માટે રાહુલ દ્રવિડ અને અર્જુન એવોર્ડ માટે યુવરાજસિંહના નામની ભલામણ કરવામાં આવશે.

૨૦મી જુલાઈ સુધી નોમીનેશન માટેની સમય મર્યાદાને સરકારે હાલમાં જ વધારી દીધી હતી. ૩૯ વર્ષીય રાહુલ દ્રવિડ ગયા વર્ષે ઓસ્ટ્રેલિયામાં ટ્રેસ્ટ શ્રેણી રમ્યા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે રમતના તમામ સ્વરૂપોમાંથી નિવૃત્તી લેવાની જાહેરાત કરી હતી. રાહુલ દ્રવિડે ૧૯૯૬માં લોર્ડ્સના મેદાન ઉપર પ્રવેશ કર્યા બાદથી ટેસ્ટ અને વન-ડેમાં મળીને ૨૩૦૦૦થી વધુ રન બનાવ્યા હતા. પ્રતિષ્ઠીત ઓવોર્ડ માટે અનેક દાવેદારો છે. અગાઉ માસ્ટરબ્લાસ્ટર સચિન તેન્ડુલકર અને મહેન્દ્રસિંહ ધોનીને પણ આ એવોર્ડ મળી ચુક્યા છે. ૧૯૯૧-૯૨માં આ એવોર્ડની શરૂઆત કરવામાં આવ્યા બાદથી એવોર્ડની પ્રતિષ્ઠા અભુતપુર્વ રહી છે. જો દ્રવિડ આ એવોર્ડ જીતશે તો ત્રીજો ક્રિકેટર બનશે. હુજ સુધી ૨૦ રમતવીરોને આ એવોર્ડ આપવામાં આવી ચુક્યો છે. બેંગ્લોરમાં નેશનલ ક્રિકેટ એકેડમીમાં નેટમાં પ્રેક્ટિસ શરૂ કર્યા બાદથી યુવરાજ પણ ટીમમાં વાપસી કરવાના પ્રયાસમાં છે. યુવરાજ માટે હવે અર્જુન એવોર્ડની ભલામણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. યુવરાજનું કહેવું છે કે તે ભારતીય ક્રિકેટ ટીમમાં પરત ફરવા માટે અતિઉત્સુક છે પરંતુ પહેલા ભરપુર પ્રેક્ટિસ કરશે.

બળાત્કારના આક્ષેપો પાયા વગરના છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી, તા. ૭

કોંગ્રેસનાં મહામંત્રી રાહુલ ગાંધીએ સુપ્રિમ કોર્ટ સમક્ષ કહ્યું છે કે, એક યુવતીને બાનમાં પકડી રાખીને રેપ કરવાનાં તેમનાં પર મૂકવામાં આવેલાં આક્ષેપ બિલકુલ પાયાવિહોણા છે.

પ્રતિષ્ઠા ખરડવાનાં હેતુસર આ પ્રકારનાં આક્ષેપો કરવામાં આવ્યાં છે. સમાજવાદી પાર્ટીનાં ભૂતપૂર્વ ધારાસભ્યએ રાહુલ ગાંધી પર આ પ્રકારનાં આક્ષેપો કરતાં એક અરજી દાખલ કરી હતી અને તપાસની માંગ કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, રાહુલ ગાંધીએ અમેઠીની એક યુવતીને પરિવાર સહિત બાનમાં પકડી લીધી હતી અને તેનાં પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલાં જવાબમાં રાહુલ ગાંધીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, તેમની સામે જે કંઈપણ આક્ષેપો કરવામાં આવ્યાં છે તે સંપૂર્ણપણે પાયાવગરનાં છે. ખોટી ભાવના સાથે આ આક્ષેપો પ્રેરિત છે. પ્રતિષ્ઠા ખરાબ કરવાનાં હેતુથી યોજનાપૂર્વકનાં આક્ષેપો કરવામાં આવ્યાં છે.

સુપ્રિમ કોર્ટે ગયા વર્ષે ૬ એપ્રિલનાં દિવસે રાહુલ ગાંધી, ઉત્તર પ્રદેશ સરકારનાં ચાર અન્ય લોકોને એક ભૂતપૂર્વ ધારાસભ્યની અપીલ બાદ નોટિસ ફટકારી હતી. રાહુલ ગાંધીએ આ નોટિસનાં જવાબમાં હવે જવાબ આપ્યો છે. સુપ્રિમ કોર્ટમાં ભૂતપૂર્વ ધારાસભ્ય કિશોર સમરીતે તરફથી દાખલ કરાયેલી અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, રાહુલ ગાંધીનાં લોકોએ એક પરિવારને બાનમાં પકડી લીધો હતો. કિશોરે આ અરજી એવા સમયે દાખલ કરી હતી જ્યારે અલાહાબાદ હાઈકોર્ટે તેની અરજીને ફગાવી દીધી હતી, સાથે સાથે ૫૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો, આમાં સીબીઆઈ તપાસનાં આદેશ કર્યો હતો. સુપ્રિમ કોર્ટમાં જસ્ટીસ વી.એસ.સિરપુરકર (નિવૃત્ત) અને જસ્ટીસ ટી.એસ.ઠાકુરની બેંચે હાઈકોર્ટનાં આદેશ પર પ્રતિબંધ મૂકીને રાહુલ ગાંધી અને ઉત્તર પ્રદેશ સરકારને જવાબ આપવા આદેશ કર્યો હતો.

આસામમાં પૂરથી મૃતાંક વધી ૧૨૧ : ૫૪૦ પ્રાણીઓનાં મોત

ગુવાહાટી,તા.૭

આસામમાં પૂરની પરિસ્થિતિ હજુ પણ ગંભીર બનેલી છે. મોતનો આંકડો સતત વધી રહ્યો છે. પૂરના કારણે મોટી સંખ્યામાં પ્રાણીઓના પણ મોત થયા છે. આજે સવારે મળેલી માહિતી મુજબ પૂરના કારણે ૧૨૧ લોકોના મોત થઈ ચુક્યા છે. માત્ર માનવીની જ ખુવારી થઈ નથી. વન્ય પ્રાણીઓને પણ માઠી અસર થઈ છે. ૧૩ ગેંડા સહિત ૫૪૦ પ્રાણીઓના

મોત થયા છે. વિશ્વ પ્રસિદ્ધ કાજીરંગા નેશનલ પાર્કમાં પણ પાણી ઘુસી જતા પ્રાણીઓની હાલ પણ ફફોડી બની ગઈ છે. અસામાન્ય હરણ અને અન્ય પ્રાણીઓના મોત થયા છે. કાજીરંગા નેશનલ પાર્કના ૮૦ ટકા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. પ્રાણીઓને પણ સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા છે. પૂરગ્રસ્ત આસામા માટે તાજેતરમાં જ વડાપ્રધાન મનમોહનસિંહે ૫૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી હતી પરંતુ આ રકમ અપૂરતી હોવાની વાત આસામમાં રાજકારણી દ્વારા કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયાગાંધી પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરિક્ષણ કરી ચુક્યા છે. બાચવ અને રાહત કામગીરી અસરગ્રસ્ત વિસ્તારોમાં ચાલી રહી છે.

પંજાબ તેમજ હરિયાણામાં આખરે મોનસૂનની એન્ટ્રી

ચંદીગઢ, તા. ૭

ભારે વિલંબ થયા બાદ આખરે પંજાબ, હરિયાણા, ચંદીગઢમાં મોનસૂનની એન્ટ્રી થઈ ગઈ છે, આની સાથે જ ચિંતિત બનેલાં ખેડૂતોને મોટી રાહત થઈ છે. વરસાદનાં કારણે તાપમાનમાં ૨ થી ૭ ડિગ્રીનો ઘટાડો થયો છે. ચંદીગઢમાં ૪ ઈંચથી વધુ વરસાદ પડતાં ગરમીથી લોકોને રાહત મળી છે, સાથે સાથે ખેડૂતોમાં પણ ખુશીનું મોજું ફરી વળ્યું છે. લુધિયાણામાં ૩ ઈંચથી વધુ વરસાદ થયો છે. માધેપુર, પઠાણકોટ, ફગવાડામાં પણ આશરે ૩ ઈંચ વરસાદ થયો છે. રોપર અને જલંધરમાં ભારે વરસાદ થયો છે.

હરિયાણાનાં પંચકુલામાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે જ્યારે કાલકા, નારનોલ, અંબાલામાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. વરસાદનાં કારણે ખેડૂતોનાં ચેહરા પર ખુશીનું મોજું ફરી વળ્યું છે. એવી સંભાવના છે કે, આનાથી વીજળીની કટોકટી હળવી બનશે. હાલમાં વીજળી કાપની સ્થિતિનો સામનો ખેડૂતોને કરવો પડી રહ્યો હતો. આગામી દિવસોમાં વધુ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. નિષ્ણાંતો હાલમાં એવી ચિંતા વ્યક્ત કરી હતી કે, ઓછાં વરસાદનાં કારણે પંજાબ અને હરિયાણા જેવા અનાજનાં ભંડાર ગણાતાં રાજ્યોમાં પણ અનાજ ઉત્પાદનને ૨૦ થી ૨૫ ટકા અસર થશે.

સંગમાએ પ્રણવની સામે લાભના બે હોદ્દા પર હજુ પણ હોવાનો કરેલો આક્ષેપ

નવીદિલ્હી, તા. ૭

રાષ્ટ્રપતિ પદ માટેનાં દાવેદાર પ્રણવ મુખર્જીનાં માર્ગમાં એકપછી એક અડચણો ઉભી કરવાનાં પ્રયાસ તેમનાં હરીફ અને એનડીએનાં ઉમેદવાર પી.એ.સંગમા કરી રહ્યાં છે. સંગમાએ પ્રણવની સામે લાભનાં બે હોદ્દા પર હજુપણ હોવાનો આક્ષેપ કર્યો છે અને કહ્યું છે કે, મામલામાં ઉંડી તપાસ થવી જોઈએ. સંગમાએ વાંધો ઉઠાવીને દરમિયાનગીરી કરવા ચૂંટણીપંચ સમક્ષ રજૂઆત કરી છે. રાષ્ટ્રપતિ ચૂંટણીનાં ચૂંટણી અધિકારીએ તેમની ફરિયાદને ફગાવી દીધાં બાદ આ અંગે નારાજગી વ્યક્ત કરતાં સંગમા તરફથી ત્રણ સભ્યોનાં પ્રતિનિધિમંડળે હવે ચૂંટણીપંચ સમક્ષ રજૂઆત કરી દીધી છે. પંચે તેમની માંગણીને લેખિતમાં સોમવાર સુધી રજૂ કરવા અને

યોગ્ય દલીલો કરવા આદેશ આપ્યો છે. બેઠક બાદ જનતાપાર્ટીનાં અધ્યક્ષ સુબ્રમણ્યમ સ્વામીએ દાવો કર્યો છે કે, પ્રણવ વીરભૂમિ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટનાં નાયબ અધ્યક્ષ છે ઉપરાંત રવિન્દ્ર ભારતી સોસાયટીનાં અધ્યક્ષ તરીકે લાભનાં બે હોદ્દા ઉપર હજુપણ ફરજ બજાવી રહ્યાં છે. સ્વામીએ કહ્યું હતું કે, પ્રતિનિધિમંડળે મુખ્ય ચૂંટણી કમિશનર વી.એસ.સંપતને મળી આ સંબંધમાં માહિતી આપી દીધી છે અને પંચની દરમિયાનગીરીની માંગણી કરી છે. સ્વામીએ કહ્યું હતું કે, આ છેતરપિંડીનો મામલો છે. ઉમેદવારીપત્ર દાખલ કરવાની પ્રક્રિયામાં કોઈ છેતરપિંડી થઈ છે કે કેમ તે અંગે ચૂંટણીપંચે નિર્ણય લેવો જોઈએ. પ્રતિનિધિમંડળમાં ભાજપનાં નેતા અને સંગમાના વકીલ સત્યપાલ જૈન પણ સામેલ છે. સંગમાનાં સમર્થકોનું કહેવું છે કે, ચૂંટણીપંચ પાસે દરમિયાનગીરી કરવાની સત્તા છે.

ફેડરર ૭મી વાર વિમ્બલ્ડન જીતવા માટે સંપૂર્ણ સુસજ્જ

લંડન,તા.૭

લંડનમાં ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રમાઈ રહેલી વિમ્બલ્ડન ટેનીસ ચેમ્પિયનશીપની ફાઈનલમાં આવતી કાલે રવિવારે સ્વીસ સ્ટાર રોજર ફેડરર એન્ડી મરે સામે ટકરાશે. રોજર ફેડરર પોતાની યશ કલકીમાં વધુ એક મોરપીછું ઉમેરવા જઈ રહ્યો છે. જો આવતીકાલે રમાનારી ફાઈનલ મેચમાં ફેડરર મરેને હાર આપવામાં સફળ રહેશે તો તે સ્ટાર ખેલાડી પીટ સામ્પ્રસના ૭ વખત વિમ્બલ્ડન જીતવાના રેકોર્ડની બરોબરી કરી લેશે. સાથે સાથે તે નંબર વન ખેલાડી બની જશે. ફેડરર ૧૭મી ગ્રાન્ડસ્લેમ જીતવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. એન્ડી મરે સામે ફેડરરને હોટ ફેવરિટ તરીકે ગણવામાં આવે છે.

રોજર ફેડરર સારા ફોર્મમાં દેખાઈ રહ્યો છે. સેમી ફાઈનલમાં પ્રથમ ક્રમાંકિત ખેલાડી સરબિયાના જોકોવીકને ૬-૩, ૩-૬, ૬-૪, ૬-૩થી હાર આપ્યા બાદ તે શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યો છે. બીજી બાજુ મરેએ બીજી સેમીફાઈનલમાં ફ્રાન્સના વિલફ્રેડ સોંગા ઉપર ૬-૩, ૬-૪, ૩-૬, ૭-૫થી જીત મેળવી ત્રીજા નંબરના ખેલાડી સ્વિત્ઝરલેન્ડના ફેડરરે આઠમી વખત વિમ્બલ્ડન ફાઈનલમાં ફ્રૂચ કરી છે. ફેડરરે સાબિતી આપી છે કે તે હજુ પણ સર્વશ્રેષ્ઠ છે અને ગ્રાન્ડસ્લેમ જીતવાની ક્ષમતા ધરાવે છે.

રાત અંધેરી, ન દિયા ન બાતી (પાના નં. ૪ નું ચાલુ)

શ્યામા પ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાળજીની શહાદતે આવા અનેક દેશભક્ત રાજનેતાઓની ભેટ આ દેશને આપી છે. દેશે એમને પારખવાની જરૂર છે. એમના હીરત્વ અને વીરત્વને ઓળખી એમને ઉચ્ચ સિંહાસને પ્રતિષ્ઠિત કરવાની જરૂર છે. એમાં જ દેશનું હિત છે. દેશને વેચનારા તો અત્યાર સુધી બહુ મળ્યા. દેશના બચાવનારાઓને હવે જનતાએ શોધી શોધીને સાથ આપવાની જરૂર છે. એ તબક્કે ફરી યાદ આવે છે અટલજીની ઓજસ્વી કાવ્યપંક્તિઓ...

હૃદય ચાહિયે હૃદય ચાહિયે...
જો બાધાંઓંમેં રૂક ન સકે,
જો દમન ભારસે ઝૂક ન સકે,
જો સ્વયં સુલગકર, જવાલા ભર ભર
મોહ-નિશાકા તિમિર જલાતા
અંગારો સા દહક રહા હો, ભડક રહા હો
વહ શૌર્ય ચાહિયે... હૃદય ચાહિયે.

આ એક આહ્વાન છે, પડકાર છે... લોકહૃદયને. જનશક્તિ જાગ્રત થાય એ વર્તમાન યુગની અતીવ આવશ્યકતા છે. આળસ અને નિરાશા ખંખેરી દેશની તરૂણ શક્તિ જાગ્રત થશે તો દેશની કાયા પલટ થશે. દેશની પ્રૌઢશક્તિ થનગનતી તરૂણાઈને પોતાના અનુભવથી દિશા આપશે તો ભારત વિશ્વની સર્વોચ્ચ શક્તિ બની શકે તેમ છે.

આપણે બધા અત્યારે એક વળાંક પર - ત્રિભેટે ઊભા છીએ. યોગ્ય દિશા નક્કી કરવામાં થાય ખાઈશું તો ખોટા સ્ટેશને પહોંચી જવાશે. અને પાછા વળવામાં વર્ષો, સદીઓ અને યુગો વીતી જશે. દુનિયા આગળ અને આપણે પાછળ ને પાછળ રહીશું.

રાજનીતિની આ વર્તમાન આવશ્યકતા ને જાણી દેશની પ્રત્યેક વ્યક્તિએ કામે લાગી જવાની જરૂર છે અને રાજનીતિની અશુધ્ધિઓને દેશભક્તિની જવાળામાં ભસ્મીભૂત કરી દેશના વિકાસનું પ્રબળ માધ્યમ બનાવવાનો પડકાર ઝીલી લેવાની જરૂર છે... અને જો આમ થશે તો સત્ત્વશક્તિનો વિજય જ વિજય થશે એમાં કોઈ શંકા નથી.

વન્યસૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

મહારાષ્ટ્રના જાણીતા વન્યજીવ એક્ટિવીસ્ટ બંધુ ધોત્રે ગાંધી ચિંધ્યા માર્ગે વાઘ બચાવવા માટે નાગપુર ખાતેની વનવિભાગની કચેરી સામે આમરણાંત ભૂખ હડતાલ પર ઉતર્યા છે અને વાઘને બચાવવાના જરૂરી તેવા ૧૮ મુદ્દાના સૂચનો પણ સરકારશ્રીને કર્યાં છે.

વાઘ, સિંહ, હાથી જેવા મોટા, જાણીતા અને લોકપ્રિય પ્રાણીઓ બચાવવા માટે આપણે થોડાં ઘણાં સક્રિય અને ગંભીર છી પરંતુ દીપડા, રીંછ, ઘોરડ, સારસ, ગીધ, વરૂ, શિયાળ, જંગલી કૂતરા જેવા ઘણાં નાના તથા ઓછા જાણીતાં વન્યજીવો પણ આપણી વચ્ચેથી મોટા પ્રમાણમાં શિકાર તથા અન્ય રીતે મરી રહ્યાં છે, ઓછાં થઇ રહ્યાં છે તે માટે એટલા સંવેદનશીલ કે જાગૃત આપણે નથી. આવા જીવો ચૂપચાપ આપણી વચ્ચેથી લુપ્ત થઇ જશે અને તેની જાણ આપણને કોઇને કદી થશે નહીં.

વાઘ અને તેની સાથેના વનો કે વન્યજીવો જ્યારે લુપ્ત થઇ જશે ત્યારે સમજવાનું કે હવે આપણો ભારત દેશ પણ સત્ત્વહીન બની ચૂક્યો છે. આપણાં નદીઓ, પહાડો અને પર્યાવરણીય સંતુલન તેમાં હોમાઇ જશે જે કદી લાખ પ્રયત્નો છતાં આપણે ફરીથી મેળવી શકીશું નહીં.

ફક્ત રક્ષિત વિસ્તારોમાં જ કેમ? ફક્ત વાઘ જ કેમ? અન્ય બધા જ વન્યજીવો બધા જ પ્રકારના વિસ્તારોમાં શિકાર થતાં જણાય તો શિકાર કરનારને "શૂટ એટ સાઇટ" ની સજા મળવી જોઇએ. કારણ હવે તેની અંતિમ રેખા - મર્યાદા આવી ચુકી છે, હવે પછી રક્ષણ માટેનો કોઇ ઇલાજ કારગર નહિ નિવડે તેવું લાગે છે.

- hmtsuthar@gmail.com

ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવાની યુવરાજની ઈચ્છા

નવીદિલ્હી, તા. ૭

ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવાની ઈચ્છા યુવરાજની હજુપણ છે. યુવરાજે આજે કહ્યું હતું કે, ભારત તરફથી રમવાનું તે ફરી સ્વપ્ન જોઈ રહ્યો છે. ટીમમાં પરત ફરવા માટે શ્રીલંકામાં ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપ ઉપર તેની નજર છે. યુવીએ કબૂલાત કરી હતી કે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ફરી એન્ટ્રી કરતાં પહેલાં કેટલીક ગંભીર પ્રેક્ટિસ મેચ રમવાની જરૂર છે.

તાજેતરમાં જ જર્મસેલ કેન્સરની સારવારમાં રિકવર થયેલાં યુવરાજસિંહે ટ્રેનિંગ શરૂ કરી દીધી છે. યુવરાજનું કહેવું છે કે, તે હાલ ટેસ્ટ ક્રિકેટ રમવાનું વિચારી રહ્યો નથી પરંતુ વન-ડે અને ટ્વેન્ટી-૨૦ મેચોમાં વાપસી કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. વર્લ્ડકપ ટ્વેન્ટી-૨૦માં રમ્યા બાદ

તે અન્ય મેચોમાં પણ રમવાનું વિચારશે. કેન્સર રોગ શોધી કાઢવા અંગે ઝડપી જાગૃતિ જગાવવા યુવરાજ ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવેલી 'યુ વી કેન કેમ્પેઈન'નાં લૉન્ચિંગ વેળા મીડિયા સાથે વાતચીત કરતાં યુવરાજે ઘણાં મુદ્દા ઉપર વિસ્તૃત વાત કરી હતી. યુવરાજે કહ્યું હતું કે, તે ગંભીરતાપૂર્વક આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરવાની ઈચ્છા ધરાવે છે. યુવી ઘણાં સમયથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમ્યો નથી. પસંદગીકારોનાં અધ્યક્ષ કે. શ્રીકાંતે પણ ટીમની પસંદગી કરતી વેળા હાલમાં કહ્યું હતું કે, યુવરાજ ટીમમાં રમે તેમ અમે ઈચ્છીએ છીએ. યુવરાજનું કહેવું છે કે, છેલ્લાં એક દોઢ મહિનાથી તે પ્રેક્ટિસ કરી રહ્યો છે. આગામી મહિનામાં વધુ ફિટનેસ હાંસલ કરી લેશે. ટેસ્ટ ક્રિકેટમાં રમવાની હાલ તેની કોઈ યોજના નથી. ટ્વેન્ટી અથવા તો વન-ડે ફોર્મેટમાં તે ધ્યાન આપવા માંગે છે. યુવરાજનું કહેવું છે કે, ટેસ્ટ અંગે તમામ બાબત ફોર્મ, ફિટનેસ અને સમય ઉપર આધારિત રહેશે. આ સ્ટાઈલિશ બેટ્સમેને વર્લ્ડકપમાં ભારતને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી અને મેન ઓફ ધ સિરીઝ બન્યો હતો. યુવરાજની વાપસીની ઘણાં ચાહકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે.

મુંબઈમાં બાર પર દરોડા : ૧૪ યુવતીઓ બચાવાઈ

મુંબઈ, તા. ૭

દેશનાં વાણિજ્ય પાટનગર મુંબઈમાં પોલીસે દરોડો પાડીને એક મોટા પ્રોસ્ટીટ્યુશન રેકેટનો પર્દાફાશ કર્યો છે. મલાડમાં બીયરબારનાં છત્ર હેઠળ આ રેકેટ ચાલી રહ્યું હતું. છેલ્લાં ઘણાં દિવસથી પોલીસની ચાંપતી નજર હતી પરંતુ આ મામલામાં ગુપ્ત ચકાસણી કરવામાં આવી રહી હતી. મુંબઈ પોલીસની સોશ્યલ સર્વિસ બ્રાંચે આજે આ રેકેટોન પર્દાફાશ કર્યો હતો. એક હોટેલિયર દ્વારા પ્રોસ્ટીટ્યુશનમાં ફરજ પાડવામાં આવેલી ૧૪ બારગર્લને બચાવી લેવામાં આવી છે. આ બારગર્લને ચેમ્બુરમાં રેસ્કયુ સેન્ટરમાં મોકલી દેવાઈ છે. પોલીસ અધિકારી વસંત ધોબલેનાં નેત